**અનસૂચિત જાતિના લોકોને આપવામાં આવતી મફત તબીબી સહાયના દરમાં વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અજક-૧૦૨૦૧૧-ન.બા.૨૬-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૩/૪/૨૦૧૨

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુ. રા. ગાંધીનગર.
18 APR 2012
૬૮૦
આવક નંબર

**વંચાણે લીધાઃ**

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ(સ.ક.પ્રભાગ) નો તારીખઃ ૧૮-૯-૧૯૯૮ નો ઠરાવ ક્રઃ એસસીડબલ્યુ-૧૦૯૭-ન.બા.૯-ગ.

(૨) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગાંધીનગર નો તા.૨૧-૧૧-૨૦૧ નો પત્ર ક્રઃ અજાક-મ-૨-૨૦૧૧-૮૮૬૬-૬૭.

**ઠ રા વઃ**

આમુખમાં જણાવેલ ઠરાવ ક્રઃ૧ થી અનુ.જાતિના લોકોને આપવામાં આવતી મફત તબીબી સહાયની યોજના અમલમાં છે. અનુ.જાતિના લોકોની નબળી આર્થિક પરિસ્થતિના કારણે તેઓ જોખમી હઠીલા દર્દો, રોગો માટેની મોંઘી દવાઓ ખરીદી શકતા નથી કે યોગ્ય સારવાર મેળવી શકતા નથી આથી સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણાના અંતે અનુ.જાતિના લોકોને આપવામાં આવતી મફત તબીબી સહાય યોજના અંતર્ગત નીચે દર્શાવેલ રોગોમાં હાલ અપાતી સહાયના દરોમાં વધારો કરવા માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ.૮૦.૦૦ લાખની નવી બાબતનો સમાવેશ કરવામાં આવેલ હતો. પ્રસ્તુત નવી બાબતને નીચે સુચવ્યા મુજબ વધારો કરવાની રૂ.૮૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧. કેન્સરમાં માસિક સહાય રુ.૫૦૦/-માં વધારો કરીને માસિક રુ.૧૦૦૦/-
૨. રકતપિત્તમાં માસિક સહાય રૂ.૪૦૦/-માં વધારો કરીને માસિક રુ.૮૦૦/-
૩. ક્ષય (ટી.બી.)માં સહાયમાં રૂ.૨૫૦/-માં વધારો કરીને માસિક રુ.૫૦૦/- દર્દ મટે ત્યાં સુધી.

**નીચેની શરતોએ આપવાની મંજુરી આપવામાં આવે છે.**

(૧) આ યોજનાનો અમલ અને તે અંગેનો ખર્ચ તા.૧-૪-૨૦૧૨ પછી જ કરવાનો રહેશે.
(૨) આ યોજના અંતર્ગત ખર્ચ આ હેતુસર કરવામાં આવેલ અંદાજપત્રીત જોગવાઇમાંથી વખતોવખત છુટી કરવામાં આવનાર ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.
(3) આ યોજનાનું ડુપ્લીકેશન ન થાય તે જોવાનું રહેશે.



Scanned by CamScanner

(૪) આ રોગ માટે સરકારી હોસ્પીટલનું પ્રમાણપત્ર રજુ કર્યેથી આ લાભ આપવાનો રહેશે.

(૫) આ સહાયની ચુકવણી ચેક દ્વારા કરવાની રહેશે.

(૬) આ યોજનાના લાભાર્થીની હયાતીની ચકાસણી દર નાણાંકીય વર્ષના શરૂઆતના બે માસમાં કરવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૭) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૮) આ યોજનાનો લાભ લેનાર અરજદારની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૩૬,૦૦૦/- થી વધુ ના હોવી જોઇએ.

આ અંગેનું ખર્ચ મુખ્ય સદર –૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ- ગૌણ સદર- ૨૮૨- આરોગ્ય, ૦૧- બીસીકે-૪૭-અનુસૂચિત જાતિ પેટા યોજના મફત તબીબી સહાય યોજના હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨-૪-૨૦૧૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ્રીમતિ એસ.આર.ભુરીયા )
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, વર્ગ-૧ (નિયામકશ્રી મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જીલ્લા પંચાયત, (નિયામકશ્રી મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
પસંદગી ફાઇલ.



Scanned by CamScanner